**રાજકોટનાં મહે.બીજા એડી. જ્યુ. મેજી. (ફ.ક.) ની કોર્ટમાં, મુ:: રાજકોટ**

**ફોજદારી કેસ નં.૫૩૧૫/૨૦૨૫**
**આંક–૦૪**

**ફરિયાદીઃ** **શ્રી સરકાર**
વિરુધ્ધ
**આરોપીઃ** **મુકેશભાઈ રાઘવભાઈ સાગઠીયા રહે.રાજકોટ.**

**ગુન્હો : ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબ**
**:: ચુકાદો ::**

આજરોજ નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટીના ઉપક્રમે રાષ્ટ્રીય લોક અદાલત યોજવામાં આવેલ છે. નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટીના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે ચાર્જશીટ ની કોલમ નં–૫ માં જણાવેલ મુજબ ગુન્હો કરેલ હોય, આરોપી વિરૂદ્ધ બી.એન.એસ.ની કલમ–૨૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાની ફરિયાદ નોંધી, સાહેદોના નિવેદનો નોંધી, ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરી, આરોપીની અટક કરી અને તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં બી.એન.એસ.ની કલમ–૨૮૧ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ ૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી.

(૩) આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરશીસ આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે તેઓ ગરીબ વર્ગના માણસ છે જેથી તેઓને ઓછામાં ઓછો દંડ કરી ગુન્હામાંથી મુક્ત કરવા અરજ છે. સદર ગુન્હા સંબંધેની આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આ કેસની હકીકતોને લક્ષમાં લેતા તેમજ આરોપીએ રજૂ કરેલ કબુલાત પુરશીસને ધ્યાને લેતા, એવુ જણાઈ આવે છે કે , આરોપીની આર્થિક સ્થિત સારી નથી અને આરોપી સદર ગુનાની કબુલાત સ્વેચ્છાએ કરેલ છે. વધુમાં, ગુનાની દંડની જોગવાઈ ધ્યાને લેતા અને આરોપીની આર્થીક અને સામાજિક સ્થિતિ ધ્યાને લેતા, જે આરોપીને દંડ કરીને છોડવામાં આવે તો,ન્યાયનું હિત જળવાઈ રહે છે.વધુમાં, આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવશે અને તેને યોગ્ય દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

**હુકમ**

આ કામના આરોપી **મુકેશભાઈ રાઘવભાઈ સાગઠીયા,રહે.રાજકોટ** ને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની ૨૦૨૩ ની કલમ–૨૭૫ અન્વયે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ–૨૮૧ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૧૦૦૦/– (કુલ રૂપિયા એક હજાર પુરાનો) દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો તેઓને દિન–૭ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે આરોપીના જામીનખત અને જાત મુચરકો રદ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૮ માહે માર્ચ, સને ૨૦૨૫ નાં રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો

રાજકોટ
તા.૮/૩/૨૦૨૫

(જે.જે.દવે)
ઈ.ચા.બીજા એડી.સીવીલ જજ અને
જયુડી.મેજી.ફ.ક.રાજકોટ.
યુઆઈડી.જીજે૦૧૫૩૨